

# રામભક્ત



वर्ष : २०, - अंक संख्या :९ - सलंग अंक : २२१
वि.सं. : २०८१ भाद्रपद - दिनांक : १०-०९-२०२५

## श्राध्धपर्व



ગીતા पाठेन संतुष्टः तिपरः श्राध्धतर्पिता ।
पितृलोकं प्रयान्त्येव पुत्राषीर्वाद तत्परा ॥

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)**
સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫
E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકૂળ કન્યા છાત્રાલય-સાવરકુંડલા ને મિષ્ટભોજન યોજના અંતર્ગત રૂ/- ૧૫૧૧૧/- નું તિથીદાન રાજુલા-(સા.કુંડલા)



સ્વ.અનકભાઈ શેલારબાપુ ખુમાણ
જ.તા:૩-૯-૧૯૫૮
અનંતયાત્રા: ૨૨-૮-૨૦૦૬

સાવરકુંડલા નિવાસી હાલ(રાજુલા) ડૉ.વલકુભાઈ અનકભાઈ ખુમાણ તથા શ્રી શીવરાજભાઈ અનકભાઈ ખુમાણ (સા.કુંડલા)ના પુ.પિતાશ્રી સ્વ.અનકભાઈ શેલારબાપુ ખુમાણ જેઓના પિતાશ્રી શેલારબાપુ ખુમાણ સા.કુંડલા રિધ્ધી સિધ્ધી મહાદેવ મંદીરનાં ટ્રસ્ટી અને પરિવારનાં મોભીએ સા.કુંડલામાં જગદ્ગુરૂશ્રી રામનરેશાચાર્યમહારાજ પધાર્યા ત્યારના યજમાન રહી તેમણે બ્રહ્મચોર્યાશી કરેલ સાથે પ્રસંગમાં પધારેલા સાધુ-સંતો અને મહેમાનોને જમાડવામાં આવેલ તેવા આગેવાનશ્રી ના પૌત્ર ડૉ.ખુમાણ સાહેબ દ્વારા સ્વ.અનકબાપુ ખુમાણની કાયમી સ્મૃતિ માટે સ્વની પુણ્યતિથીના રોજ પ્રતિવર્ષ છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવા માટે સંસ્થાના દયાવિધિ કાયમી નિભાવ ફંડ અંતર્ગત એકતિથીનું રૂા-૧૫૧૧૧/- નું તિથીદાન પ.નં.૧૨,૧૩ થી મળેલ છે.

સ્વ.તા : ૨૨/૦૮/૨૦૦૬ પુણ્યતિથી : ૨૨મી ઓગષ્ટ

પ્રેરણા :-ડૉ.અશ્વિનભાઈ પી.રામાનુજ-(ટ્રસ્ટી)પાલીતાણા

:: હસ્તે ::

શ્રી ડૉ.વલકુભાઈ અનકભાઈ ખુમાણ-રાજુલા
શ્રી શીવરાજભાઈ અનકભાઈ ખુમાણ-સા.કુંડલા

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને એકદિવસીય મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૫,૧૦૦/-નું તિથીદાન



સ્વ.ગાયત્રીબેન ગૌતમભાઈ ખુમાણ

**(શ્રાવણ વદ-૧૦ સોમવાર - તા.૧૮/૦૮/૨૦૨૫)**

જાબાળ નિવાસી અશોકભાઈ બી. ખુમાણ ના પુત્રવધુ તરફથી સ્વ.ગાયત્રીબેન ગૌતમભાઈ ખુમાણની વર્ષિ પ્રસંગે મિષ્ટભોજન યોજના અંતર્ગત છાત્રબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું. છાત્રબાળાઓ દ્વારા સદ્ગતને શ્રધ્ધાંજલી આપવામાં આવી. રૂ૫૧૦૦/-૫.ન......... મિષ્ટાન મેનુ(બપોર/સાંજ):- ચુરમા લાડુ, ફરસાણ, મિકસ શાક, દાળભાત, સંભારો, છાશ,પાપડ. મિષ્ટાન મેનુ(સાંજ):- ખીર-પુરી, શાક, ભરેલા મરચા, છાશ,પાપડ.

## સ્વ.કમળાબેન જગજીવનદાસ ગઢીયાની પુણ્યતિથીએ શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાની બાળાઓને મિષ્ટ ભોજન



સ્વ.કમળાબેન જગજીવનદાસ ગઢીયા

સાવરકુંડલાના અગ્રણી વેપારી ગઢીયા કિરાણા સ્ટોરવાળા ચંપકભાઈ જગજીવનદાસ ગઢીયાના માતૃશ્રી સ્વ. કમળાબેનની પુણ્યતિથી તા.૦૩/૦૭/૨૫ ગુરૂવારના રોજ તેમના તરફથી રસોઈમાં જોતી બધીજ વસ્તુઓ છાત્રાલયે પહોંચાડવામાં આવી તેમની સુચના પ્રમાણે મીષ્ટ ભોજનમાં ખીર, પુરી, દાળ-ભાત, શાક, સંભારો, ખમણ-ચટણી, છાશ-પાપડ વિ. તૈયાર કરી ભગવાનને અને બાપાને થાળ ધરી છાત્રબાળાઓએ પ્રસાદ લીધો જનકભાઈ ગઢિયાના હસ્તે દરેક બાળાઓને સારી કવોલીટીની પેન ભેટ આપવામાં આવી. ચંપકભાઈ દર વર્ષે બાળાને મિષ્ટ ભોજન કરાવે છે. "આભાર"

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને એકદિન મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૫,૧૦૦/- નું તિથીદાન



**સ્વ. દિપકભાઈ નટવરલાલ આચાર્ય**

મુળ વતન અમદાવાદ હાલ સિડની (ઓસ્ટ્રેલીયા) ઋષિકુમાર દિપકભાઈ આચાર્યના પુજ્ય સ્વ.પિતાશ્રી દિપકભાઈ નટવરલાલ આચાર્યની બીજી પુણ્યતિથી નિમિતે તા.૨૫/૦૭/૨૦૨૫, શુક્રવારના રોજ શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલયની છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવામાં આવ્યું.

રૂા.૫૧૦૦/- પ.નં.૭૭૫૭ ભોજન ભેટના પ્રાપ્ત થયેલ છે. રૂા.૯૦૦/- પ.નં.૭૭૫૭ થી રામભક્તને મળેલ છે. છાત્રાબાળાઓ દ્વારા સદ્ગત આત્માને શ્રધ્ધાંજલી આપવામાં આવેલ.

પ્રેરણા : યોગેશભાઈ બી. નિમાવત (અમદાવાદ)

:: હસ્તે ::

શ્રી ઋષિકુમાર દિપકભાઈ આચાર્ય
શ્રીમતિ દેવ્યાની બહેન ઋષિકુમાર આચાર્ય
(સિડની ઓસ્ટ્રેલીયા)

:: સંકલન ::

સુનિલભાઈ બી. દેવમુરારી તથા
અરૂણભાઈ ડી. દેવમુરારી (પ્રમુખશ્રી)

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૧૫,૧૧૧/- નું તિથીદાન. વડીયા(દેવળી)



**સ્વ. શૈલેષભાઈ એમ. અગ્રાવત**
સ્વ.તા.૨/૮/૨૦૨૪

વડીયા(દેવળી) નિવાસી શ્રી મનસુખભાઈ મોહનદાસ અગ્રાવતના સુપુત્ર શ્રી શૈલેષભાઈ એમ. અગ્રાવત અષાઢ વદ-૧૩ તા.૨/૮/૨૦૨૪ ના રોજ સાકેતવાસી થયેલ તેમની પ્રથમ પુણ્યતિથીએ શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને યાદ કરી સ્વ.ની પુણ્યતિથીના રોજ પ્રતિવર્ષ મિષ્ટભોજન આપવા માટેની યોજના અંતર્ગત સંસ્થાના દયાવિધિ કાયમી નિભાવફંડમાં રૂા.૧૫,૧૧૧/- નું એક તિથીનું દાન પ.નં.૭૭૩૦ થી મળેલ છે. પ્રથમતિથી અષાઢ વદ - ૧૩ના રોજ તેમના માતાપિતાએ રૂબરૂ આવી તિથીદાન આપેલ અને છાત્રાબાળાઓને ભોજન સાથે મિષ્ટાન જમાડી દરેકને દક્ષિણાભેટ આપેલ તેમજ મિષ્ટાનના રૂા. ૨૧૦૦/-પ.નં. ૭૭૩૧ થી મળેલ છે.

શૈલેષભાઈ આપણા અમરેલી રામાનંદ કુમાર છાત્રાલયના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ તરીકે સેવા આપતા તેમજ વડીયા ત્રીપાંખ સાધુ સમાજના કન્વીનર તરીકે સેવા આપતા હતા તેમની ગેર હાજરીથી સમાજને મોટી ખોટ પડી છે.

પુણ્યતિથી : અષાઢ વદ-૧૩ | સ્વ.તા. : ૨/૮/૨૪

:: હસ્તે ::

શ્રી મનસુખભાઈ મોહનદાસ અગ્રાવત(પિતા)
ગીતાબેન એમ. અગ્રાવત(માતા)
હર્મિતકુમાર શૈલેષભાઈ અગ્રાવત(પુત્ર)
માનવીર શૈલેષભાઈ અગ્રાવત(પુત્ર)
સમગ્ર પરિવાર વડીયા(દેવળી)

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૧૫,૨૧૧/- નું તિથીદાન - (મોટા ઝીંઝુડા)


સ્વ.સોનલબેન (પુત્રી)


સ્વ.બંસીબેન (દોહીત્રી)


સ્વ.બીટ્ટુબેન (દોહીત્રી)


સ્વ.બેબી (દોહીત્રી)

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા નિવાસી શ્રી કેશવદાસ દલપતરામજી નિમાવતની પુત્રી સ્વ.સોનલબેન અને તેમની પુત્રીઓ બંસી, બીટ્ટુ સવંત ૨૦૭૭ના કારતક વદ-૨ને રવિવાર તા.૨૧/૧૧/૨૦૨૧ના રોજ આકસ્મીક અવસાન પામેલ તેઓની કાયમી સ્મૃતિમાં શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાની ચાલતી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત સ્વ.ની તિથીના રોજ પ્રતિવર્ષ છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવા માટે સંસ્થાના દયાવિધી કાયમી નિભાવ ફંડમાં રૂા.૧૫,૨૧૧/-નું તિથી અનુદાન પ.નં.૩ અને ૪ થી જમા મળેલ છે.

પુણ્યતિથી : કારતક વદ-૨ | સ્વ.તા.૨૧મી નવેમ્બર

:: હસ્તે ::

શ્રી કેશવદાસ દલપતરામજી નિમાવત (પિતા) વર્ષાબેન કેશવદાસ નિમાવત (માતા)
શ્રીમતિ પ્રિયંકાગૌરી અમીતકુમાર નિમાવત (ભાઈ-ભાભી)
શ્રીમતિ જસોદાગૌરી જગદીશકુમાર નિમાવત (ભાઈ-ભાભી)
જયશ્રીબેન મહેશકુમાર દીવાકર (બહેન-બનેવી)
વીરાટ અને તેજસ્વી (ભત્રીજા) ગોપાલ અને શાશ્વત (ભાણેજ)

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને સ્વ.હર્ષ ધર્મેશભાઈ સુચકની ધાર્મિક ક્રિયા નિમિત્તે છાત્રબાળાઓને મિષ્ટભોજન


સ્વ. હર્ષ ધર્મેશભાઈ સૂચક

સાવરકુંડલા નિવાસી ધર્મેશભાઈ સૂચકના પુત્ર સ્વ. હર્ષ ધર્મેશભાઈ સૂચકની ધાર્મિક ક્રિયા નિમિતે તા.૨૮/૭/૨૫ ના રોજ શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રલયની છાત્રબાળાઓને રવો-પ્રસાદ, ખમણ, દાળ-ભાત, શાક, સંભારો આપવામાં આવેલ. દાતાશ્રી દ્વારા તમામ સિધુ સામાન આપવામાં આવેલ. પ્રસાદ તૈયાર કરી ભગવાનને થાળ ધરી સદ્ગતને શ્રધ્ધાંજલી આપવામાં આવી. પરિવારના સદસ્યોએ હાજરી આપી છાત્રાબાળાઓને જમાડવામાં આવ્યા.

હ.ધર્મેશભાઈ સૂચક - સાવરકુંડલા



## સ્વ.ચંપાબેન બટુકલાલ નિમાવત

સ્વ. તા. ૩૦/૫/૨૦૨૫ • ગામ : તાલાલા

તેમની ઉત્તર ક્રિયા પ્રસંગે દોહિતર લાણીની રકમ રૂા.૨,૨૦૦/- તેમની દીકરીયું તરફથી શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને અર્પણ કરેલ.

:: હસ્તે ::

રેખાબેન અંનતરાય અગ્રાવત
ગામ : લીલીયા


હંસાબેન રાધેશ્યામ નિમાવત
ગામ : માંડનપરા

રૂા.૨,૨૦૦/- પ.નં.

પૂ.બજરંગદાસબાપા



પૂ.દયારામબાપા



સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર


**માલિક**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

**તંત્રી/પ્રકાશક**

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

**પ્રમુખશ્રી**

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

**મહામંત્રી**

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

**પ્રકાશન સ્થળ**

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

**મુદ્રક**

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩

સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧

સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮

સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫

વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્વપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬



પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય,
ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦

E-mail : rambhakt.svkd@gmail.com


**લવાજમ દરો...**

ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**

80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઇપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઇન ઉપયોગ કરી કોઇપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

| | | |
|---|---|---|
| ૧. ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૧૦૦૦૩૦૧૨૧૭૫ | IFSC : GSCB0BVN003 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |



ગપ મારવી નહી, જપ છોડવા નહી, લપ કરવી નહી.

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

પવિત્ર શ્રાવણ માસ પછી ભલો ભાદ્રપદ આવે જેમાં શરૂઆત રામાપીરના નવરાત્રાથી થાય અને પિતૃશ્રાધથી પૂર્ણ થાય. વચ્ચે બીજની **વારાહ જયંતિ** આવે તેમજ ભાદરવા વદ - ૪ ના રોજ ગણેશ ચતુર્થી વિનાયક ચોથ આવે આ ઓચ્છવ મહારાષ્ટ્રમાં વિશેષ રૂપથી ઉજવાય છે. હમણાથી ગુજરાતમાં પણ બડી ધામધુમથી ઉજવવામાં આવે છે.

રામ-કૃષ્ણ જેવા અવતારી સ્વરૂપોની એક જ રામનવમી કે જન્માષ્ટમી ઉજવાય છે. જ્યારે વિનાયક ગણપતીની બારેય માસની તમામ સુદ-વદ ચતુર્થીઓ પ્રાગટ્ય તિથીઓ તરીકે ઉજવાય છે. **ગણેશપુરાણ** અને **મુંદમંગલ પુરાણ**માં ભગવાન ગણપતી સબંધી તમામ વિગતો પ્રાપ્ત થાય છે. ચતુર્થીએ ગણેશજીનું સ્થાપન કરી વિધિવત ષોડષોપચાર વિગેરે પૂજન કરાય છે અને સ્થાપના પછી ત્રીજા, પાંચમા, દશમાં કે અગીયારમાં દિવસે ભાવભીની વિદાય આપવામાં આવે છે અને જય ગણેશ, જય ગણેશના તેમજ ગણપતી બાપા મોરિયા કે મોરયાના નામના નારા સાથે નાચ ગાન સાથે વિસર્જન કરાય છે. તો મોરિયા કે મોરયાના નામના ગણપતિના પરમ ભક્ત હતાં તેથી તેમનું નામ પણ દાદા સાથે જોડાઈ ગયું.

તો ચોથ પછી પાંચમ જૈન લોકોનો મોટો તહેવાર આવે છે. શ્રાવણ વદ તેરસથી લઈને આઠ દિવસની અઠ્ઠાઈ જેવા પાવન ઉપાસનાના દિવસો પછી ભાદરવા સુદ પાંચમ એટલે પ્રિય સવંત્સરી ગણાય. તેનું સ્વાગત તપના તોરણથી થાય છે. સવંત્સરી એટલે ક્રોધ ત્યાગ અને ક્ષમાપાનનું મહાપર્વ ! **સર્વ જીવ સાથે ક્ષમાયાચના કરવાનું પર્વ જૈન પરંપરાએ વિશ્વને ક્ષમાયાચના માટે મજાનું સુત્ર આપેલ છે.** આ સુત્રનો અર્થ એ છે કે, મારાથી જે દુષ્કૃત-ભૂલથી થઈગયું હોય તો અને ન થયુ હોય તો પણ ક્ષમાયાચના કરીને થયેલ ગુના માફ કરવાથી ભાઈચારાનું સાર્માજય સ્થાપવાથી શાંતિ બની રહે આ સદ્‌ભાવના રહેલ છે.

ત્યાર પછી ૧૫ દિવસો પિતૃઓના આવે, જેને શ્રાધ માસ કહેવાય છે. સૌ પોત પોતાના પિતૃઓને તૃપ્ત કરવા શ્રાધ નાખવામાં આવે છે. પણ સાધુ સમાજે લૌકિક વ્યવહારોથી સમજી વિચારી અલગ રહેવું જોઈએ મતલબ જે કરીએ તે ઋષિમુનીઓએ આપેલ આદેશ મુજબ ચાલવું જોઈએ. ગીતામાં કહ્યું છે -

**ગીતા પાઠેન સંતુષ્ટાઃ તિપરઃ શ્રાધ્ધતર્ષિતા ।**
**પિતૃલોકઃ પ્રયાન્ત્યેવ પુત્રાશીર્વાદ તત્પરા ॥**

ગીતા પાઠ અથવા ભગવત પ્રાર્થના કરવાથી પ્રસન્ન થયેલા પિતૃઓ પુત્રને આશિર્વાદ આપે છે. તે બરોબર છે પણ ''કાગવાસ'' કોને નાખવાની હોય ? શું આપણા વડીલો કાગડા થઈને જમવા આવે છે ? આતો એક માન્યતા છે. બાકી તો **''જાગતા જાણે નહીં અને પછી પીપળે રેડે પાણી એની બુધ્ધિ કાણી''** હાં, પશુ-પંખીને ચણ-ચારો જેવા સદ્‌કર્મો જરૂરથી કરાય - કરવા જોઈએ. પશુ-પંખીને બોલાવવા હોય તો **''આવો ઋષિરાજ''** જેવા શબ્દો વાપરી શકાય. પણ ૧૬ દિવસ પછી આપણે જ કાગડો કાકા કરતો હોય તો કંટાળીને પથ્થર મારી ઉડાડવાના છીએ !

એક સત્ય બાબત છે - કબીર સાહેબ ગંગા સ્નાન કરવા ગયા, તો કેટલાક લોકો પૂર્વ દીશામાં ઉભા રહીને પિતૃઓને પાણી પહોંચાડતા હતાં તે જોઈને કબીરે ઉલ્ટા પશ્ચિમ દિશામાં ઉધા ઉભા રહીને ખોબલે ખોબલે પાણી રેડતા જોઈને પેલા લોકોએ કહ્યું એ ભાઈ ! આમ આથમણી દિશામાં પાણી ન પીવડાવાય, ત્યારે કબીર સાહેબે પૂછ્યું તમે કોને પાણી પાવ છો ? લોકો કહે અમારા પિતૃઓ સ્વર્ગમાં ગયા છે તેને પાણી પાઈએ છીએ. ત્યારે કબીર કહે હું તો મારું ખેતર આથમણી દિશામાં છે તેમાં બાજરો વાવ્યો છે તેને પાણી પાવ છું. એટલે પેલા હસવા લાગ્યા અને બોલ્યા, અહીં રહ્યા રહ્યા તમારા ખેતરમાં પાણી થોડું પહોંચવાનું છે ! **ત્યારે કબીર કહે જો અહીં રહ્યા રહ્યા છેક સ્વર્ગમાં ગયેલા પિતૃઓને પાણી પહોંચતુ હોય તો મારું ખેતરતો અહીં નજીક જ છે !**

મતલબ સૌ સમજી ગયા. માટે જ જીવતા જે સેવા-ભાવ થાય તે જ અંતરના આશિષ મળે છે. બાકી **વૃધ્ધાશ્રમમાં મોકલવાથી કે વારે ચડાવવાથી કે ફોટાને ચંદનનો હાર પહેરાવાથી અને અસ્થી પધરાવવાથી કાંઈ વળે નહીં. ઉલ્ટાનું અહં આવે !**

તંત્રી...

પ્રાસંગિક : છોકરા પક્ષવાળા માટે એટલું જ કહેવાનું કે, સારો પરીવાર અને છોકરીના સારા સ્વભાવને મહત્વ આપવું જોઈએ

# હવે લગ્ન માટે યોગ્ય પાત્ર શોધવું મોટી સામાજિક સમસ્યા છે



## પ્રજાજીવનના પ્રવાહો

જો આર્થિક સમૃદ્ધિ પસંદ હોય તો ડિગ્રી અથવા શિક્ષણ બેમાંથી એક જતું કરશો તો જ સંબંધ ઝડપથી થતા હોય છે

કાનજી ભાલાળા

માતા-પિતાને બાળકની કારકિર્દી ઘડતર માટે ચિંતા હોય તેનાથી વધુ ચિંતા લગ્ન માટે પાત્ર શોધવા માટે હોય છે. દીકરો કે દીકરી લગ્ન લાયક બને ત્યારે માતા-પિતાના મનમાં એક ડર હોય છે કે, મારું સંતાન કોઈ પગલું તો નહીં ભરે ને? દીકરા કે દીકરી માટે સારું પાત્ર તો મળશે ને ?આવા અનેક પ્રશ્નો રાત્રિની ઊંઘ હરામ કરી દે છે.માતા-પિતાની ચિંતા સ્વાભાવિક છે. કારણ હવે યોગ્ય પાત્ર શોધવું ખૂબ પડકારજનક બનતું જાય છે. કોઈ વળી પ્રેમ લગ્નનો પ્રસ્તાવ મૂકે છે, તો કોઈ નાદાન સંતાન ભાગીને લગ્ન કર્યાની જાણ કરે છે. ઘણા યુવક-યુવતીઓને સંતાન નહીં કરવાની શરતે લગ્ન કરવા છે.આવી અસંખ્ય પીડાઓ સમાજમાં છે.વર્તમાન સમયની આ મોટી સમસ્યા બનતી જાય છે. નવી પેઢી ૩૬૦ ડિગ્રીએ બદલાઈ રહી છે.લગ્ન વ્યવસ્થાની બાબતમાં સદંતર બેદરકાર નવી પેઢીને લગ્નના બંધનમાં બાંધવા મોટો પડકાર છે. સમાજ વ્યવસ્થામાં સગપણ અને લગ્ન જીવનના પ્રશ્નો ચિંતાજનક રીતે વધતા જાય છે. આ બધી પરિસ્થિતમાં શાંત, ડાહ્યા અને સારા સંતાનોના લગ્ન માટે પણ યોગ્ય પાત્ર શોધવું તે મોટી સામાજિક સમસ્યા છે.ખોટી ઊંચી અપેક્ષાઓ અને યોગ્ય સમજણના અભાવે યોગ્ય પાત્ર કોને કહેવું તે જ ખબર નથી. પરિણામે સગપણ સમયસર ગોઠવાતું નથી, અને ઘણા પ્રશ્નો ઊભા થાય છે.

સગપણ શોધવું તે વર્તમાન સમયની મોટી શોધ જેવું કાર્ય છે. દીકરાઓ કરતા દીકરીઓની સંખ્યા ઓછી છે તે કારણ છે પરંતુ, તે સિવાય અનેક કારણો આ સમસ્યાના મૂળમાં છે. છોકરીઓની સંખ્યા ઓછી છે..તો પછી અસંખ્ય કન્યાઓને મુરતિયા કેમ મળતા નથી!દીકરીઓના સગપણ કરવામાં પણ અનેક પડકારો ઊભા થાય છે.માનવજીવનમાં દાંપત્યજીવન એ મહત્વનો પડાવ છે. તેના વગર માણસ અધૂરો છે.સુખી જીવનનો આધાર જ દાંપત્ય જીવન છે. તેમ છતાં આ બાબતમાં યુવા પેઢીની લાપરવાહી અથવા તો સમજણના અભાવને કારણે પ્રશ્ન વિકટ થતો જાય છે. લગ્ન કરવા એ વેપાર નથી, કરાર નથી, કોઈ લાભ નુકશાનનો સોદો નથી, તે સાથે જીવવા અને એકબીજાના સુખ દુઃખમાં સાથી બનવાના સહપ્રવાસીઓ છીએ તેટલી ભાવના જરૂરી છે. પરસ્પર પ્રેમ અને જીવન માટે વચન આપી સાથે જીવવાની યાત્રા છે. એ હેતુથી પાત્ર શોધવાની માનસિક્તાનીજરૂર છે. એકબીજાના સાથીને બદલે ગુલામ શોધવાના હોય તે રીતે શંકાથી જો પાત્ર શોધવા જઈશું તો પાત્ર શોધવામાં ભૂલ થઈ જવાનોભય છે. સમયસર સગપણ નથી થઈ શકતા તેના ઘણા કારણો છે.

(૧) સંતાનની યોગ્ય ઉંમર થાય એટલે યોગ્ય પાત્ર શોધવાની શરૂઆત કરી દેવી જોઈએ ઘણા માતા-પિતા નિરાંત રાખે છે, ઘણા માતા-પિતા દીકરો કમાતો થાય પછી પાત્ર શોધવાના મૂડમાં હોય છે. તો ઘણા પિતા દીકરી કમાતી હોય તો થોડું વધુ કમાણી કરી આપે પછી યોગ્ય પાત્ર શોધવાની માનસિકતા ધરાવતા હોય છે. ઉપરાંત અમુક પરીવારમાં બહેન મોટી હોય અને ભાઈ થોડો નાનો હોય તો ભાઈનું સગપણ ન થાય ત્યાં સુધી બહેનનું સગપણ કરતા નથી. જેમાંથીઘણાને પાછળથી મોટો પસ્તાવો થતા જોયો છે. શિક્ષણ, નોકરી કે કમાણી એ બધું સારા જીવન માટે જ છે તે જ રીતે યોગ્ય સમયે લગ્ન કરવા તે પણ સુખી જીવન માટે જ છે. આ બાબત સંતાનો અને વાલીશ્રીઓએ સમજવાની જરૂર છે.

(૨) આજકાલ યુવક કેયુવતીને સામેનું કેવું પાત્ર જોઈએ છે? તેનો જ ખ્યાલ હોતો નથી.. થોડું કમાતા છોકરાને હીરોઈન જોઈએ છે.જ્યારે થોડું ભણેલી દીકરીને રજવાડું જોઈએ છે. આર્થિક રીતે સામાન્ય પરિવારના ન ભણેલા દીકરા માટે અભણ દીકરી પણ હા પાડતી નથી. થોડું વધુ અને સારું ભણેલી દીકરીને તેની યોગ્યતાનું પાત્ર મળતું નથી થોડું ભણેલી દીકરીઓને ઘરમાં તમામ સુવિધાઓવાળું ઘર જોઈએ છે. મોટાભાગની દીકરીઓને પરીવારમાં વધુ સભ્યો હોય તો પસંદગી થતી નથી..ખરેખર માણસ તરીકે જીવવું હોય અને ખુશી મેળવવી હોય તો મોટા પરીવારની પ્રથમ પસંદગી કરવી જોઈએ.

(૩) માત્ર સંતાનોનો દોષ નથી માતા-પિતા પણ ખૂબ ઊંચી પસંદગી રાખે છે. ખેતી નથી કરવી છતાં ગામડે જમીનનો આગ્રહ હોય છે. આર્થિક સમૃદ્ધિનો આગ્રહ હોય છે. છોકરાના ગુણ જોવાનેબદલે પૈસાનું માપદંડ ક્યારેક દુઃખ ના ડુંગર ઊભા કરે છે. (૪) ટીવી.ફિલ્મ અને સોશિયલ મીડિયાને કારણે હવે પસંદગીના માપદંડ બદલાઈ ગયા છે. ટીવીના પડદે કે રિલ્સમાં દેખાતા ચહેરા ખરેખરદેખાય છે તેવા વાસ્તવમાં હોતા નથી... મેકઅપ અને કેમેરાની કરામતથી દેખાતા રૂપ જેવું રૂપ શોધવા નીકળીશું તો ક્યારેય મળવાપાત્ર નથી. છોકરા-છોકરીના જોણમાં રૂપ કરતા શિક્ષણને વધુ ધ્યાનમાં લેવામાં આવશે તો જ ઝડપથી યોગ્ય પાત્ર મળે તેમ છે. (૫) માતા-પિતા દીકરી માટે સારું ઘર શોધવામાં ઘણું મોડું કરી નાખે છે. પરીણામે સારા મુરતિયાનો વિકલ્પ મળતો નથી એટલે સંબંધ ઝડપથી થતા નથી.(૬) સૌથી મહત્વનું કારણ સંતાનો માતા-પિતાનું માનતા નથી, લાગણી સમજતા નથી પરીણામે સાચા માતા-પિતા યોગ્ય પાત્રની પસંદગી કરાવી શકતા નથી, આવી પરિસ્થિતિમાં અસંખ્ય સારા ઘરના દીકરા કે દીકરીઓ કુંવારા રહી ગયા છે.

(૭) આજકાલ સંતાનો શું કરે છે? તેની ખુદ તેના માતા-પિતાને ખબર હોતી નથી તેવા સંજોગોમાં સગપણ માટે મુરતિયો કેવો હશે? કન્યા કેવી હશે? આ બાબતની આશંકામાં ઝડપથી સારસ પાત્રની પસંદગી થતી નથી. (૮) પહેલાના સમયમાં કોમ્યુનિકેશનના ઝડપી સાધનો ન હતા છતાં સમયસર સગપણ થઈ જતા હતા, કારણ સંબંધ કરાવનારા ઘણા હતા, જે પુરી જવાબદારી સાથે સંબંધ કરાવવા આગળ આવતાં નથી પરીણામે વાત ચલાવનાર જ કોઈ મળતું નથી એટલે ઝડપથી સંબંધ થતા નથી... (૯) લોકોની જીવનશૈલી બદલાઈ છે. ખાણીપીણી અને મોજ-શોખ અને ફરવા જવું વગેરેએ જીવનનો ભાગ બની ચૂક્યા છે પરીણામે ખાસ કરીને દીકરીઓની ડિમાન્ડ, અપેક્ષાઓ ખૂબ ઊંચી થઈ ગઈ છે. હમણાં એક દીકરીએ તેના પપ્પાને કહ્યું, પપ્પા...છોકરો કાળો હશે તો ચાલશે પણ કારવાળો જોઈશે...! આ પ્રકારની માનસિકતાને કારણે સગપણ કરવું મહા મુસીબત બની છે.

દરેક પરિવાર તેની દીકરી માટે સારો મુરતિયો અને સારું ઘર શોધતા હોય છે. પણ સારું કોને કહેવાય ? તે સમજણ પણ કેળવવી પડે તેમ છે. (૧) છોકરો દેખાવડો હોય.(૨) સારું શિક્ષણ લીધું હોય. (૩) આર્થિક રીતે સુખી હોય. (૪) ખાનદાન કુટુંબ હોય.જો આ ચારેય બાબત એકસાથે હોય તો કોઈ પણ માતા-પિતા દીકરી આપવા તૈયાર થાય અને છોકરી પણ આવી પસંદગીમાં હા પાડતી હોય છે. પરંતુ, સૌથી મહત્વની બાબત એછે, કે સગપણના સમયે આ ચારેય બાબતો એક સાથે હોય તેવું પાત્ર અશક્ય છે.છોકરીવાળાએ આ ચારબાબતમાંથી એક કે બે બાબત જતી કરે અને બે કે ત્રણ બાબતને ધ્યાનમાં લઈ સંબંધ કરે તો જ યોગ્ય પાત્ર ઝડપથી મળી શકે તેમ છે. જો છોકરો દેખાવડો હોય અને તમને તેનું રૂપ ગમતું હોય તો શિક્ષણની ડિગ્રીની અપેક્ષા છોડો, જો તમને શિક્ષણ યોગ્ય લાગતા હોય તો વર્તમાન સમયની આર્થિક સ્થિતિ નબળી હોય તો તેનો સ્વીકાર કરવો સમજદારી ગણાશે.

છોકરા પક્ષવાળા માટે એટલું જ કહેવાનું કે, સારો પરિવાર અને છોકરીના સારા સ્વભાવને મહત્વ આપવું જોઈએ નોકરી કરાવવી જ ન હોય તો ડિગ્રીનો આગ્રહ છોડો જો નોકરી કરાવાની મંજૂરી આપવાની હોય તો શિક્ષણ ઉપરાંત તેની પરિવાર ભાવનાને ધ્યાનમાં રાખવી જોઈએ જો સમજણ કરતા રૂપ અને ડિગ્રી કરતાં તેની રીલ્સની એકશન ગમતી હશે તો દાંપત્ય જીવનમાં બાંધછોડ કર્યા વગર સુખી થઈ શકશો નહીં...

કાનમાં કહું...પહેલા સગપણ સમયે કન્યાને સાસુ અંગે ડર રહેતો હતો,
હવે વહુ કેવી મળશે? તેનો ડર સાસુને હોય છે...

## રહેઠાણ મકાન, ઓફિસ, વ્યવસાયિક મકાનોના વીમા લેવા બાબત જાણવા જેવું...

આપે આપના રહેણાંક મકાન અને વાણિજ્યિક ભવનોના વીમા લીધા હશે અને આપ એ વીમાને સમયસર રિન્યુ કરાવી આરામથી આપની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હશો પણ જ્યારે આ મિલ્કતો પર ક્લેમ કરવાનો સમય આવે ત્યારે આપને એ ક્લેમ વીમા કંપની તાત્કાલિક આપી દેશે એવું માનવું ભૂલભરેલું છે, બલ્કે ઘણીવાર તો આપનો ક્લેમ રિજેક્ટ પણ થઈ શકે છે અને તેના માટે આપ જ જવાબદાર છો, નહીં કે વીમા કંપની! આજે આ બાબતે વધુ વિસ્તારમાં વાત કરવી છે.

રહેણાંક મકાનના વીમામાં સૌથી મોટી સમસ્યા માલિકીના ટાઈટલની આવે છે. એક બહેને ૧૦ વર્ષ સુધી રહેણાંક મકાનનો વીમો લીધો અને જ્યારે ક્લેમ કરવાનો સમય આવ્યો ત્યારે ખબર પડી કે મકાનના માલિક તેણીના માતા સાત વર્ષ પહેલાં ગુજરી ગયાં હતાં એમણે ઘણી રજુઆત કરી પણ ક્લેમ ન મળ્યો કારણ કે આ મિલકતમાં જેમનું હિત હતું તે અવસાન પામ્યા હતાં. અહીં જે રીતે મૃત વ્યક્તિના બેંક ખાતામાં જમા રકમ તેના વારસદારોને મળે છે એવો કાયદો લાગુ પડતો નથી. વીમાનો પાયાનો સિધ્ધાંત ઈન્શયોરેબલ ઈન્ટરેસ્ટ એટલે કે વીમાધારકનું હિત છે અને આ કિસ્સામાં મિલકત જેમના નામે ન હોય તેનું ઈન્શયોરેબલ ઈન્ટરેસ્ટ છે એમ માનવામાં નથી આવતું. ઘણાં લોકો વડિલોપાર્જિત રહેણાંક મિલકત પોતાના નામે ટ્રાન્સફર કરાવતા નથી અને તે માટે ઘણાં કારણો હોય શકે છે. હવે જ્યારે આ મિલકતનો વીમો પોતાના નામે લે છે અને ક્લેમ સમયે મકાનની માલિકી વીમો લેનારની છે તે સાબિત કરી શકતા નથી અને ક્લેમ નામંજૂર કરવામાં આવે છે. આપ રહેણાંક મકાનનો વીમો લો ત્યારે એક વાત નક્કી કરી લેશો કે એ રહેણાંક મકાનના માલિકી હક્ક આપની પાસે છે.

આવી જ રીતે વાણિજ્યિક ઉપયોગમાં લેવાતી મિલકતો માટે બે બાબતો અગત્યની છે.

સૌપ્રથમ, કોઈ પણ દુકાન કે ઉદ્યોગના વિવિધ લાયસન્સ કે મંજુરી પત્રોમાં આપની સંસ્થાનું સરનામું એક સમાન હોય તે જરૂરી છે. ઘણી વખત એક જ વિસ્તાર વિવિધ નામોથી ઓળખવામાં આવતો હોય છે. આવા કિસ્સામાં તે ખાસ કાળજી રાખવી જરૂરી છે કે તમારા ડોક્યુમેન્ટ એક જ સરનામું ધરાવે છે અને તે જ સરનામું વીમાની પોલિસીમાં છપાઈને આવવું જોઈએ કારણ કે આ પોલીસી **Location Based** છે. જામનગરમાં જ્યાં પાણી ભરાઈ જવાની મોટી સમસ્યા છે તે કાલાવડ ગેટ બહારનો વિસ્તાર વિવિધ નામોથી ઓળખાય છે જેમાં કાલાવડ નાકા બહાર, મહાપ્રભુજી બેઠક રોડ, કલ્યાણ ચોક, કાલાવડ રોડ, વગેરે સમાવિષ્ટ છે. હવે ધારો કે શોપ લાયસન્સમાં સંસ્થાનું સરનામું મહાપ્રભુજી બેઠક રોડ છે તથા મિલકતના વેચાણ દસ્તાવેજમાં સરનામું કાલાવડ નાકા બહાર એવું બતાવવા આવ્યું છે અને પોલીસીમાં કલ્યાણ ચોક, કાલાવડ રોડ એવું સરનામું લખેલ હોય તો આ સંસ્થાને ક્લેમ લેવામાં નાકે દમ આવી જાય છે અને ક્યારેક આ ક્લેમ નામંજૂર કરવામાં આવે છે. આમ છતાં, જો આપના વિવિધ પરવાનાઓમા અલગ અલગ સરનામું હોય તો વીમો લેતી વખતે વીમા કંપનીને આ તમામ દસ્તાવેજોની એક નકલ પ્રપોઝલ ફોર્મ સાથે જોડીને તેની પહોંચ લેવી જોઈએ.

વાણિજ્યિક સંસ્થાનો માટે બીજી અગત્યની બાબત સેલરમા આવેલ મિલકત છે. વર્ષો જુની વાણિજ્યિક સંસ્થાઓ પણ પોતાના માલ સંગ્રહ માટે સેલર બનાવરાવે છે અને તેની જાણ વીમા કંપનીને કરતી નથી. જો આપની દુકાન કે અન્ય વાણિજ્યિક મિલ્કતોમાં સેલર હોય તો તાત્કાલિક વીમા કંપનીને જાણ કરવી જોઈએ અને તેની લેખિત નોંધ લેવી જોઈએ. પોલીસીમાં પણ સેલરની માહિતી છપાઈને આવે તે જરૂરી છે.

આવી જ રીતે, ઘણા વેપારીઓ ટેક્સ બચાવવા અલગ અલગ પેઢીઓ બનાવે છે. સામાન્ય રીતે, આ તમામ પેઢીઓ પૈકી એકના નામે ગોડાઉન કે દુકાન ભાડે રાખવામાં આવે છે અને માલ સ્ટોક વિવિધ પેઢીઓને નામે હોય છે. અહીં આ પ્રકારના વ્યવહારને **goods held in trust or commission** તરીકે ઓળખાય છે અને સામાન્ય રીતે વીમા પોલીસીમાં આવા માલને નુકસાન થાય તો ક્લેમ મળવાપાત્ર છે પરંતુ અહીં સૌથી મોટી સમસ્યા હિસાબી ચોપડા વ્યવસ્થિત રીતે ન રાખવામાં આવ્યા હોય તે નડે છે. જ્યારે ક્લેમ થાય ત્યારે વીમાધારક એવી દલીલ કરે છે કે અમને વીમો લેતી વખતે આ વાતોનું ધ્યાન રાખવાનું કહ્યું હોત તો? હવે તેમને કોણ સમજાવે કે હિસાબો અને સ્ટોક પત્ર વ્યવસ્થિત રાખવાં એ તો વેપારી વીમો ન લે તો પણ તેની પાયાની ફરજ છે.

ઉપરોક્ત બાબતો ગ્રાહકોને ક્લેમ વખતે તકલીફ ન પડે તે માટે લખેલી છે. આપના વીમાની પોલિસીમાં કોઈ પણ ખામી હોય તો તાત્કાલિક વીમા કંપનીને જાણ કરવી જોઈએ.

**સંકલન.. અરુણભાઈ દેવમુરારી સાવરકુંડલા**



## ખુબ ખુબ અભિનંદન...

૨૦૨૩ ની સાલમાં રાષ્ટ્રપતિ પોલીસ એવોર્ડ મેળવનારા અધિકારીઓમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા ના પ્રથમ એવા **PSI** ભાર્ગવ દેવમુરારી LCB દેવભૂમિ દ્વારકા નું તા. ૨/૮/૨૦૨૫ના રોજ ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના વરદ હસ્તે સન્માન થયેલ. તે બદલ ખૂબ.. ખૂબ.. અભિનંદન.

**:: શુભકામના પાઠવતા ::**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી ''રામભક્ત'' મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા

નોંધ : દાતા તેમજ રામભક્ત મેટર સ્થાન ભેટ એક્સિસ બેન્ક સાવરકુંડલામાં નાણા જમા કરાવવાના નહીં ખાસ કાળજી લઈને નોંધ લે તેવી વિનંતી એકાઉન્ટ હાલ રી કેવાયસીને કારણે બંધ છે અન્ય એકાઉન્ટ આગળના ભાગમાં આપેલા છે QR કોડ પણ છે, એમાં જ નાણા જમા કરાવવા વિનંતી.

## ● ચિંતન ઝરૂખેથી ●

તા. ૦૭-૦૮-૨૦૨૫ ગુરુવાર

### વિચારની તાકાત અને તાકાતવાળા વિચાર

આપણા વિચારોની જબરજસ્ત તાકાત હોય છે. તમે સવારે જાગીને સૌથી પહેલો વિચાર ક્યો અને કેવો કરો છો એ મુજબ તમારો દિવસ જતો હોય છે. જો સબળ સકારાત્મક વિચાર કર્યો તો એવો જ જોરદાર દિવસ જશે અને જો નબળો વિચાર કર્યો તો એવો જ દિવસ જશે, તો પછી મિત્રો દિવસની શરૂઆત એવી ધમાકેદાર વિચારથી જ કરીએને કે દિવસ શું આખું જીવન જ જબરદસ્ત જોરદાર મસ્ત થઈ જાય !

સવારે જ્યારે તમે જાગો ત્યારે સૌથી પહેલો ઈશ્વરનો આભાર માનો કે તમને આ નવી સવાર,દિવસ જોવા મળ્યો, દુનિયાના ઘણા લોકો ઊંઘમાં જ ઈશ્વરના ઘરે જતા રહે છે. તો તમે તો નસીબદાર ખરાને નવો દિવસ જોવા મળ્યો ! તમે આરામ કરીને એકદમ તાજામાજા થઈને જાગ્યા છો - આવું રાતપાળી કરીને કુટુંબનું ભરણપોષણ કરનારના ભાગ્યમાં હોતું નથી, તમને એ બધું જ મળ્યું જે આરામદાયક ઊંઘ માટે જરૂરી હતું, તમે સૂર્યની ઉર્જા મેળવી રહ્યા છો, પ્રકૃતિનું સૌંદર્ય માણી રહ્યા છો, તમારો પરિવાર છે. આ બધું તમને કદાચ સાવ સામાન્ય લાગતું હશે પણ મિત્રો, ઘણાના નસીબમાં આમાનું કંઈ પણ હોતું નથી છતાં જીવી જાય છે. પથારીમાંથી ઉઠતાવેંત પ્રથમ પગ મુકો એ પહેલાં ધરતીમાને વંદન કરો, જે કોઈ મળે એમને આપણી પરંપરા મુજબ નમસ્કાર કે જય શ્રી કૃષ્ણ કહો. દૈનિક ક્રિયામાંથી પરવારી મનગમતા સંગીત સાથે, યોગ કરો, હકારાત્મક્તા રાખો અને ધીરે ધીરે આગળ વધો.ઈશ્વર તમારી સાથે જ છે તમને મદદ કરવા ભલેને એ મોર્નિંગ વોક હોય કે મેડીટેશન. જેમ આપણે ઈશ્વરની જરૂર છે એમ ઈશ્વરને પણ આપણી જરૂર છે, બસ શ્રીમાતાજી કહે છે એમ 'પાત્રતા કેળવવાની છે.'

જો પ્રથમ વિચાર, પ્રથમ શબ્દ અને પ્રથમ ક્રિયાના કેન્દ્રમાં ઈશ્વર હશે શાંતિ હશે, પ્રસન્નતા હશે અને એવી સુટેવ કાયમ માટે રાખશો તો સવાર જ નહીં, આખો દિવસ જ નહી જીવન પણ મસ્ત જ જશે. બીજું કાર્ય આપણે એ કરીએ કે જાતને જેવા છો એવા પ્રેમથી સ્વીકારીએ, જરા પોતાના માટે સ્મિત કરીએ, થોડા પોતાના માટે ખુશ થઈને, અરીસામાં જોઈને જાતને પૂછીએ, કેમ છો દોસ્ત? અને સ્વ-સુચનો આપો કે તમારો દિવસ, તમારું કાર્ય તમારા સાથે સંકળાયેલા બધાંની સવાર અને દિવસ પણ તમારી જેમજ મસ્ત જશે જ બીજી બધી જે કંઈ ક્રિયા આખો દિવસ કરો એ પૂરેપૂરા ઉત્સાહ, નિષ્ઠાથી કરો,જે પણ પરિસ્થિતિ હોય એનો સહજ સ્વીકાર કરો અને બસ યાદ રાખો આપણે આપણી શાંતિ, પ્રસન્નતા અને સ્મિત ગુમાવવાના નથી અને દિવસના અંતે તમે જાતેજ ફરક અનુભવશો જ એ ચોક્કસ છે.

નબળા વિચારો જ નબળા શબ્દો, નબળા આંદોલનો તમને નબળા બનાવે છે અને એટલે દરેક કાર્ય નબળું જ થાય માટે જ એનાથી પ્રયત્નપૂર્વક દૂર રહો. નબળો વિચાર આવે કે તરત દિમાગને કમાન્ડ આપો બીજા પાંચ સબળા વિચાર કરવાની અને એવી દરેક વ્યક્તિથી દુર રહો જેને માત્ર ટીકા, ટીપ્પણ, ફરિયાદ અને સમગ્ર સૃષ્ટિમાં ભૂલો દેખાય છે. એમને સમય અને ઈશ્વરના આશરે મૂકીને તમે શ્યાહોમ કરીને કુદી પડો ફતેહ છે આગે. તો રાહ કોની જોઈ રહ્યા છીએ આપણે? **- વંદે માતરમ્.**

**ડો. કાજલ નિર્મલા ભરત રાવ**
આણંદ

## એકનું સુખ બીજાનું દુઃખ / લઘુકથા



પ્રકાશ કુબાવત

પરેશની આર્થિક સ્થિતિ સાવ સાધારણ. તેના પિતાએ તેને પેટે પાટા બાંધીને ભણાવ્યો. તે બી.એ., બી.એડ. થયો. બે ત્રણ વર્ષ સરકારી નોકરી માટે ખૂબ પ્રયત્નો કર્યા પણ ક્યાંય મેળ પડ્યો નહીં.

અચાનક તેના પપ્પાનું અવસાન થતાં ઘરની જવાબદારી તેના પર આવી પડી. તેવામાં એક પ્રાઈવેટ હાઈસ્કૂલમાં શિક્ષક જોઈએ છે એવી જાહેરાત આવી.

તે હોંશે હોંશે ઈન્ટરવ્યૂ આપવા ગયો. સંચાલકે કહ્યું કે, "તમારે સરકારી શાળામાં ભણતાં હોશિયાર વિદ્યાર્થીઓને આપણી હાઈસ્કૂલમાં દાખલ કરાવવાના. વાલીને મગજમાં ઠસાવવાનું કે, જો તમારું હોશિયાર બાળક અમારી શાળામાં નહી ભણે તો તે પાછળ રહી જશે. તે ડોક્ટર કે એન્જિનિયર બની શકશે નહીં. અત્યારે ચાર વર્ષ લાખ રૂપિયા જેવી ફી ભરો તો ભવિષ્યમાં તમે કરોડો રૂપિયા કમાઈ શકશો."

'જી બરાબર.પણ મને કેટલો પગાર આપશો?' પરેશ દબાતા સ્વરે બોલ્યો. "પગાર તો તમારી આવડત ઉપર આધાર રાખે છે. અમે દરેક શિક્ષકને મહિને દસ હજાર ફિક્સ પગાર આપીએ છીએ અને જે વિદ્યાર્થીને તમે પ્રવેશ અપાવો તેના પર અમે વીસ ટકા કમિસન આપીએ છીએ. અમુક શિક્ષકો તો મહિને લાખો રૂપિયા પાડી લે છે." સંચાલક બોલ્યા.

પરેશ હવે સરકારી શાળાના હોશિયાર વિદ્યાર્થીઓના વાલીને સમજાવીને તેની પ્રાઈવેટ હાઈસ્કૂલમાં પ્રવેશ અપાવવા લાગ્યો. પગાર પણ સારો પડવા લાગ્યો.

એક સાંજે તેના પાડોશમાં રહેતા વિધવા મિતલબેન મળવા આવ્યાં અને કહ્યું કે, "મારે મારા દીકરાને ડોક્ટર જ બનાવવો છે. તમારી હાઈસ્કૂલનું શિક્ષણ બહુ સારું છે. હું કોઈ જોખમ ઉઠાવવા માંગતી નથી. મારા પાસે થોડાં ઘરેણાં છે, તે જરૂરિયાત મુજબ વેંચીને દર વખતે ફી ભરી દઈશ. મારો પુત્ર ડોક્ટર બની જશેને?" વિધવા મિતલબેનની વાત સાંભળી તે ઊંડા વિચારમાં પડી ગયો. તેને બહુ દુઃખ થયું. તે મનોમન બોલ્યો કે, 'અમારી હાઈસ્કૂલ અને સરકારી હાઈસ્કૂલનાં શિક્ષણમાં વિશેષ કશો મોટો તફાવત નથી. મારા સુખ માટે હવે હું બીજાને દુઃખ નહિ આપું."

આગામી ઓક્ટોબર ૨૫ માસનો રામભક્ત અંક દિવાળી અંક તરીકે પ્રસિદ્ધ કરવાનો છે. જેમણે દિવાળીની શુભકામના. નૂતન વર્ષાભિનંદનની મેટર આપવાની છે, તેમણે ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં સંસ્થામાં મેટર મોકલી આપવી. જાહેરાત દર કલર ૧ પેઈઝ રૂા.૩૦૦૦/-, ૧/૨ પેઈઝ રૂા.૧૫૦૦/- અને ૧/૪ પેઈઝ રૂા.૮૦૦/-સિંગલ કલર ૧ પેઈઝ રૂા.૧૦૦૦/-, ૧/૨ પેઈઝ રૂા.૫૦૦/- અને ૧/૪ પેઈઝ રૂા.૩૦૦ આ મુજબ જાહેરાત લેવામાં આવશે.

## શ્રી સાવરકુંડલા તાલુકા રામાનંદી સાધુ ઉત્કર્ષ મંડળ દ્વારા આયોજીત

# તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ








શ્રી સાવરકુંડલા તાલુકા રામાનંદી સાધુ ઉત્કર્ષ મંડળ દ્વારા ગત તારીખ ૩-૮-૨૦૨૫ ને ૩:૦૦ વાગ્યે બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કનયા છાત્રાલય સાવરકુંડલા ખાતે તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ - ૨૦૨૫ યોજાયો હતો જેમાં ધોરણ ૧ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓ બહેનોને શીલ્ડ, પ્રમાણપત્ર, મેડલ તેમજ પ્રોતસાહિત ઈનામો આપી બિરદાવવામાં આવ્યા.

